GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# સુરેન્દ્રનગર જિલ્લાના અનુસૂચિત જાતિના લોકોનો સિરામિક (પોટરી ઉદ્યોગ): એક અવલોકન

ડૉ.જયસુખ ચાવડા
M.A, B.ED, PH.D
NET,SET HISTORY

**સારાંશ**

સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો વસવાટ કરે છે અને તેઓ વરસોથી ગામડાના સીમાડે રહેતા આવ્યા છે. આઝાદી પછી તેમને શિક્ષણનો અધિકાર મળ્યો અને ત્યારબાદ સરકારની સહાયથી તેઓ ઉધોગ-ધંધામાં જોડાવવા લાગ્યા હતા. આજે વણકર સમાજના પટોળાં ગુજરાત થી લઈને વિશ્વ લેવલ સુધી ફેલાયેલા છે. જ્યારે ચમારો પણ ખેતીવાડી થી લઈને કન્સ્ટ્રકશન ના કામ સાથે જોડાઇ ગયા છે આ ઉપરાંત ગરો-બ્રાહમણ,ડાંગસિયા,વાલ્મીકિ થી લઈને તૂરી બારોટો પણ પોતાના સંગીત ઉધોગ સાથે જોડાય ગયા છે. ૧૯૪૭ પછી અનુસૂચિત જાતિના લોકોએ થાનગઢની અંદર સિરામિક ઉધોગની શરૂઆત કરી હતી. આજે તેમની સિરામિકની વસ્તુઓ ગુજરાત થી લઈને સમગ્ર વિશ્વમાં વહેચાય છે. તેઓએ આ ઉધોગ દ્વારા પોતાની આગવી ઓળખ ઊભી કરી છે.

**૨.ચાવીરૂપ શબ્દો:- સુરેન્દ્રનગર જિલ્લો, અનુસૂચિત જાતિ, પોટરી-ઉધોગ,થાનગઢ**

**3. પ્રસ્તાવના:-** કોઈપણ ગામ કે નગર, રાજ્યની કોઈને કોઈ દંતકથા,ભૌગોલિક પરિબળ, વ્યક્તિ વિશેષ, સ્થળ યુદ્ધ કે અન્ય પણ ઘટનાઓને કારણે પણ ગામ, નગર અને રાજ્યના નામ પાડવામાં આવ્યા હોય છે. એવીજ રીતે હાલના સુરેન્દ્રનગરને પણ અંગ્રેજ શાસન દરમ્યાન બ્રિટિશ પોલિટિકલ એજન્ટનું થાણું  ગણવામાં આવતું હતું. ત્યારે સુરેન્દ્રનગરની જગ્યાએ વઢવાણ કેમ્પ એવું નામ પ્રચલિત થયું હતું અને લોકો ‘કેમ્પ’ ને કાંપના નામથી ઓળખતા હતા. બ્રિટિશ સમયમાં જ્યારે આ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

જગ્યાએ ત્યાંના રાજા સુરેન્દ્રસિંહજીને આપવામાં આવી ત્યારે તેમને 'વઢવાણ કેમ્પ' નું નામ પોતાના નામ પરથી 'સુરેન્દ્રનગર' રાખ્યું હતું. ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ ભારત દેશ આઝાદ થયો અને આ જમીન સુરેન્દ્રસિંહજીને મળતા તેમને નામ પરિવર્તન કર્યું હતું. જે આજદિન સુધી હયાતમાં છે. સુરેન્દ્રનગર જિલ્લામાં કપાસ,મીઠું અને દૂધ ત્રણેય ભરપૂર મળી રહે છે અને તે ઉધોગની દ્રષ્ટિએ પણ પ્રથમ આવે છે. આ સિવાય સોડાએશ ઉધોગ, પટોળાં ઉધોગ, બાંધકામ ઉધોગ, વઢવાણ નો વાસણ ઉધોગ, બાંધણી ઉધોગ,ચર્મઉધોગ, મીઠા ઉધોગ અને થાનગઢ (અ.જાતિ) નો પોટરી ઉધોગ ખુબજ વિકાસ પામ્યો છે. આમ સૌરાષ્ટ્રની મધ્યમાં આવેલુ ઝાલાવાડ ધન, ધાન્ય થી લઈને ઉધોગ ધંધામાં પણ આગવું સ્થાન ધરાવે છે.

**૪.સુરેન્દ્રનગર જિલ્લાના અનુસૂચિત જાતિના લોકોનો સિરામિક (પોટરી ઉધોગ):-**

સુરેન્દ્રનગર જિલ્લાના સિરામિક ઉધોગમાં થાનગઢ સમગ્ર દેશ અને વિદેશમાં જાણીતું છે. થાનમાં કોઈ રાષ્ટ્રીય કે રાજ્યમાર્ગ પસાર થતો નથી. પણ થાન પોટરી ઉધોગ અને ચિનાઈ માટીના કારણે સુરેન્દ્રનગરમાં પ્રખ્યાત છે. થાનગઢમાં સ્વ.શેઠ શ્રી પરશુરામ બળવંત ગણપૂણે- પરશુરામ દાદા એ જ સિરામિક પોટરી ઉધોગની સ્થાપના કરી હતી. તેઓ મહારાષ્ટ્ર રાજ્યના રત્નાગિરી જિલ્લાના ચીપલૂણ તાલુકાના લૌટે પરશુરામ ગામના વતની હતા.તેમનો જન્મ ઇ.સ. ૧૮૦૦ માં થયો હતો. તેમણે વડોદરા પ્રાથમિક શાળામા શિક્ષણ તેમજ વ્યવસાયિક અનુભવ લીધો હતો. ઇ.સ. ૧૯૦૪ થી માટીકામ માં ઈંટો, નળીયા વગેરેના ઉત્પાદનમાં સંકળાયેલા હતા. પરશુરામ દાદાએ બીલીમોરા, વાંકાનેર, મોરબી,સિહોર,ધ્રાગધ્રા, શ્રીરામપુર,થાનગઢ વગેરે સ્થળોએ માટી ઉધોગ (સિરામિક ઉધોગ સ્થાપ્યા બાદ થાનગઢમાં શેઠશ્રી સોબારજી દલાલે ચાલુ કરેલ ઉધોગ ૧૯૩૨માં હસ્તગત કરી હતી. સેનેટરી વેર ઉધોગ, થાનગઢમાં સ્થાપી, ભારતભર માં અને દુનિયાભરમાં તેઓએ આ ઉધોગને સંપૂર્ણ

રીતે વિકાસ થવામાં અથાગ પરિશ્રમ કર્યો હતો. વિપરીત સંજોગોમાં પણ થાનગઢમાં સામાજિક કાર્યો તથા સમાજના દરેક વર્ગને રોજગારીની તક આપી. તેમણે એક અનોખી પ્રણાલી પાડી જે આજે પણ પ્રચલિત છે. તેઓ ગુજરાતમાં સિરામિક ઉધોગના પ્રણેતા તરીકે આજે પણ જાણીતા છે. થાનગઢ જ નહીં, બલ્કે સૌરાષ્ટ્ર ગુજરાતમાં શ્રી પરશુરામ દાદાએ સ્થાપેલ આ ઉધોગના કર્મચારીઓએ ધીમે-ધીમે પોતાના કારખાનાઓ સ્થાપી, થાનગઢને સિરામિક ઉધોગનું કેન્દ્ર બનાવેલ છે અને આજે થાનગઢ જગતભરમાં સિરામિક ઉધોગની નામના મેળવી ચૂકેલ છે. આજે થાનગઢ સિરામિક ક્ષેત્રે આગવી છાપ અને ઓળખ મેળવી છે. તેના પાયાના વિકાસના પ્રણેતા સ્વ. શ્રી પરશુરામ બળવંતર ગણપૂણેને જ શ્રેય આપી શકાય છે. જે હેતુથી થાનગઢ નગરપાલિકાના પ્રમુખશ્રી વિજયભાઇ ભગત અને ઉપપ્રમુખ શ્રી સુરુભા રાણા દ્વારા તમામ જહેમત ઉઠાવી, અંગતરસ લઇ, સ્વ.શ્રી પરશુરામ બળવંત ગણપૂણે પરશુરામ શ્રદ્ધાંજલિ અર્થે તેમના પૂતળાની અનાવરણ વિધિ કરી, સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્ટેચ્યુનું અનાવરણ ૨૯/૦૯/૨૦૧૬ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

**૪.૧ અનુસૂચિત જાતિના ઉધોગપતિ:- વસરામભાઇ કે. ચાવડા (વી. કે. ચાવડા) ૧૪/૦૯/૧૯૪૩ થી ૨૭/03/૨૦૧૪**

વી,કે. ચાવડાનો જન્મ થાનગઢમાં તા ૧૪/૦૯/૧૯૪૩ ના રોજ થયો હતો. તેમના પિતાએ તેમને પાયાનું શિક્ષણ આપ્યું હતું અને તેમને નાનપણ થી જ સ્પોર્ટ્સમાં રસ હતો. તેઓ સારા એવા દોડવીર હતા. અને દોડમાં હમેશા પ્રથમ આવતા હતા. તેમણે ગ્રેજ્યુએશન પછી ઉધોગમાં ઝંપલાવ્યું હતું અને ઉધોગમાં પણ તેઓ પ્રથમ નંબરે આવ્યા હતા. તેમણે થાનમાં સિરામિક ઉધોગમાં સરકાર પાસેથી લોન લઈને ઉધોગમાં જોડાયા હતા. ત્યારબાદ તેમના પુત્ર મુકેશભાઇ, વિશાલભાઈ અને ભરતભાઇએ પણ સિરામિક ઉધોગમાં જોડાયા હતા. વી.કે. ચાવડા સાહેબના લગ્ન જસુમતી બેન સાથે થયા છે

થાનમાં પોટરી ઉદ્યોગની શરૂઆત થઈ તેના થોડાક જ વર્ષમાં ૩૫ જેટલા કારખાના ચમાર અને વણકરોના બની ગયા હતા. ઇ.સ.૧૯૭૦-૮૦ ના દાયકા દરમ્યાન ૭૦ માંથી ૪૦ જેટલા કારખાના અનુસૂચિત જાતિના લોકોના હતા. સરકાર પાસેથી લોન મળતી હતી અને થોડી ઘણી પોતાની મૂડીથી તેઓએ કારખાના સ્થાપ્યા હતા. સવર્ણોને પણ લૉન મળતી હતી પણ અનુસૂચિત જાતિના લોકોને વધારે લૉન મળતી હતી. થાનગઢમાં જે લોકો પાસે જમીનો હતી તેમણે સાહસ ખેડયું અને ફેક્ટરીઓ સ્થાપી હતી. અમદાવાદમાં નારાયણ પાંચાભાઈ મકવાણા હતા. તેમણે ૧૯૭૦ થી ૧૯૮૦ દરમ્યાન અમદાવાદમાં ૫ ફેક્ટરીઓ સ્થાપી હતી. ૧૯૯૦ પછી આજે થાનગઢ માં જૈન,પટેલ અને સાથવાર સમાજ ના સિરામિક ના કારખાના જોવા મળે છે. ચિનાઈ માટી માંથી જે વસ્તુ બને છે તેને પોટરી ઉદ્યોગ કહેવામાં આવે છે. જેમાં, કપ-રકાબી, ગેંડિ, ટાઇલ્સ, ચાઈનાવેર વગેરે વસ્તુ બનાવવામાં આવે છે. તે સમયે વી.કે. ચાવડા સાહેબે “અનુપ” નામની ફેક્ટરી ૧૯૬૯ દરમ્યાન સૌ પ્રથમ નાખી હતી. અને તેમાં ૨૦૦ થી ૩૦૦ લોકો કામ કરતાં હતા. એ વખતે ૧૯૭૦ દરમ્યાન સિરામિક ઉદ્યોગની વસ્તુની ખુબજ માંગ હતી. અને કપ-રકાબીની માંગ ઇન્ડિયામાં એટલી હતી કે અહિયાં ભારતમાં જ કપ-રકાબીનો માલ પૂરી થઈ જતો હતો. ૧૯૮૦-૧૯૮૫ દરમ્યાન વી.કે.ચાવડા સેનેટરી વેરની વસ્તુ બનાવવા લાગ્યા હતા. સેનેટેરી વેરમાં બાથરૂમની ટાઇલ્સ, ટોઇલેટનું ગોખરુ, વોસબેસીન ગેંડિ વગેરે બનાવવામાં આવે છે. વી.કે. ચાવડા ના પુત્ર વિશાલભાઈ જણાવે છે કે તેઓ હવે સેનેટેરી વેરની વસ્તુ ને ટ્રેડિંગ કરે છે. વી.કે. ચાવડા ના અવસાન પછી તેમના પુત્રો એજ તેમનો પોટરી ઉદ્યોગ સંભાળી લીધો છે. તેઓ એક સ્પોર્ટ્સ મેન પણ હતા. તેમણે ૧૦૦ મીટર, ૨૦૦ મીટર,૪૦૦ મીટર અને ૫૦૦૦ મીટર માં ભાગ લેતા હતા. અને તેઓ વિજેતા પણ બન્યા હતા. તેમણે થાનગઢ માં લાયન્સ ક્લબસ ની સ્થાપના પણ કરી હતી. અને થાનગઢમાં લિટલ ફ્લાવર ઇંગ્લિશ સ્કૂલની સ્થાપના કરી હતી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

તેમણે ઉધોગ ક્ષેત્રમાં રાષ્ટ્રપતિના હસ્તક એવોર્ડ પણ આપવામો આવ્યો હતો. અને ૧૯૯૭ દરમ્યાન તેમની "આકાશ સિરામિક" ને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યો હતો. વી.કે. ચાવડા ને ઉધોગ ક્ષેત્રે એવોર્ડ,ટ્રોફી અને રૂપિયા ૨૫૦૦૦/- રોકડ પુરસ્કાર અને મેરીટ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું. એવોર્ડ લેતી વખતે વી.કે. ચાવડાએ કહ્યું હતું કે આ એવોર્ડ ફક્ત મને નહીં પણ સમગ્ર અનુસૂચિત જાતિને અને સમગ્ર જિલ્લાને ગૌરવ આપે છે. તેઓ ખુબજ મહેનતુ અને ઉચ્ચ વિચાર ધરાવતા હતા. તેમના અવસાન પછી તેમના સંતાનો સિરામિક ઉધોગને સંભાળી રહ્યા છે.

**૪.૨ અશોક સિરામિક અને અવની સિરામિક- થાનગઢ:-** અશોક ઇન્ડસ્ટ્રીઝની શરૂઆત આજથી ૨૦ વરસ પહેલા થાનગઢમાં થઈ હતી અને તેને સ્થાપનાર નરેશભાઇ મનસુખભાઇ સોલંકી હતા. મનસુખભાઇ સોલંકીએ ૨૦૦૪ ની આજુબાજુ આ કંપનીની શરૂઆત કરી હતી. અને તેનો પાયો નાખ્યો હતો. જ્યારે તેમના દીકરા નરેશભાઇ સોલંકીએ સંપૂર્ણ રીતે પોતાની જવાબદારી સંભાળી લીધી હતી. તેમના પિતાએ ૫૦ વરસ પહેલા સિરામિક ઉધોગની નીવ નાખવાની હિમાયત કરી હતી. ત્યારે તેઓ થાનગઢના અન્ય કારખાનાઓમાં કામ કરતાં હતા અને તેઓ મજૂરી કામ કરતાં હતા. અને તે જ તેમનો મુખ્ય વ્યવસાય હતો. નરેશભાઇ તેમના પિતાનો વ્યવસાય સંભાળી રહ્યા છે અને અશોક સિરામિક માં ગેંડિ,વોશ બેશીન, ટોઇલેટના ગોખરા અને ટાઇલ્સ પણ બનાવે છે તેઓ સિરામિક ઉધોગને લગતી તમામ પ્રકારની વસ્તુ બનાવે છે. હાલ તેમના કારખાનામાં ૩૦૦ થી વધુ મજૂરો કામ કરે છે. અને તેઓ ગુજરાતથી લઈને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પોતાનો માલ વેચે છે. આ ઉપરાંત તેઓ જરૂરિયાત અને ઓર્ડર પ્રમાણે જ વસ્તુ બનાવે છે. તેઓ મેટલની વસ્તુ હાલમાં બનાવે છે. જે સિરામિકની આઈટમ છે. તેમની મેટલની આઈટમની માંગ ગુજરાત ભરમાં છે. થાનગઢમાં અવની અને અશોક સિરામિક પહેલા GIDC ના કારખાના આવેલા હતા. નરેશભાઈને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

અશોક સિરામિક તેમના પિતા પાસેથી મળેલ છે અને તેઓએ આ જવાબદારી સારી રીતે નિભાવી જાણી છે. સેનેટરી વેરની વસ્તુ બને છે. જેમાં, વોસબેસિન, બીડેટ, રોબહૂક, સાબુનદાની, રિંગ, બાથટબ, ટંબલર, હોલ્ડર, તૌલિયા, રેન્ક, લિક્વિડ સોપ, ડિસ્પેન્સર અને તૌલિયા રૈલ પણ બનાવે છે. આ ઉપરાંત ટૉઇલેટનું ગોખરુ, સિંક અને બીડેટ પણ બનાવે છે. અવની સિરામિક ફેક્ટરી અશોક સિરામિક કરતાં મોટી છે. અવનીમાં ૧૩૦૦ નંગ રોજના નીકળે છે, જ્યારે નાની ભઠ્ઠી હોવાથી ૭૦૦ થી ૮૦૦ નંગ સેનેટરીના નીકળે છે તેમ રસેશભાઈ જણાવે છે. થાનગઢમાં સૌપ્રથમ નળિયા બનતા હતા. તેની પહેલા કારબોડામ બનાવવામાં આવતી હતી. જે સિરામિક માંથી બનતી હતી અને તે ફાનસમા વપરાતી હતી. તેની શરૂઆત થાનગઢમાં થઈ હતી. રસેશભાઈ સોલંકીના દાદાએ પરશુરામ દાદા સાથે કામ કર્યું હતું. જ્યારે સિહોરમાં પોટરી ઉધોગની શરૂઆત થઇ હતી, ત્યારે તેઓ તેમની સાથે કામ કરતાં હતા. અને ત્યારથી લઈને આજ પાંચમી પેઢી સિરામિક ઉધોગમાં જોડાયેલી છે. થાનગઢમાં અનુસૂચિત જાતિના લોકોએ જ સૌપ્રથમ પોટરી ઉધોગની શરૂઆત કરી હતી અને તેથી જ અનુસૂચિત જાતિના લોકોને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સિરામિક ઉધોગમાં ઓળખ મળી છે.

**૪.3 ઓનેસ્ટ સિરામિક, થાનગઢ (શામજીભાઇ ખીમાભાઈ પરમાર):-** ઓનેસ્ટ સિરામિકની સ્થાપના શામજીભાઇ ખીમાભાઈ પરમારે થાનગઢમાં કરી હતી. શામજીભાઇની ઉંમર હાલ ૭૨ વર્ષની છે આજે પણ તેઓ સ્વસ્થ અને આરોગ્યવર્ધક જીવન જીવી રહ્યા છે તેમણે ઓનેસ્ટ સિરામિક ઉધોગની સ્થાપના ઇ.સ. ૧૯૭૯ માં કરી હતી. તેમણે GSSTE માંથી સહાય લીધી હતી અને તેથી સિરામિક ઉધોગની ઓનેસ્ટ ફેકટરી નાખવામાં તેમને સહાય મળી હતી. આ કારખાનું નાખવા માટે તેમણે ૧૦૦ વીઘા જેટલી જમીન વેચાતી લીધી હતી. તેઓ ઓનેસ્ટ સિરામિકમાં સેનેટરીવેરની આઇટમો બનાવે છે. ખાસ તેમાં વોસબેસીન, ટોઇલેટનું ગોખરુ, તોલીયારિંગ,બીટ અને રોબહૂક બનાવે છે. મુખ્યત્વે

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વૉશબેસીન અને ટોઇલેટ માટેનું શૌચાલય બનાવે છે. આ ઉપરાંત તેઓ દસ આઇટમો બનાવે છે. ઓરછા પાના, સીટી પાના, પેડસ્ટલ, વૉશબેસીન, વનપીસ, EWC, IWC વગેરે આઇટમો ઓનેસ્ટ સિરામિકમાં બનાવવામાં આવે છે. અને બનાવેલી વસ્તુનું ટ્રેડિંગ કરે છે. તેઓ કાચામાલની સેનેટરીવેરની વસ્તુ બનાવે છે અને તેને રંગાઈકામ કરવા અન્ય કારખાનામાં આપે છે અને ત્યાર પછી તૈયાર થઈ ગયેલ વસ્તુને શામજીભાઇના દીકરા ભાવેશભાઈ પૂરા ભારતમાં એક્સપોર્ટ કરે છે. હાલ ગુજરાતમાં સિરામિકની વસ્તુ થાનગઢ, મોરબી, મહેસાણા અને કડી પણ ઉત્પાદન કરવા લાગ્યું છે. ઓનેસ્ટ સિરામિક વરસે ૧૦૦૦ ટનથી વધારે માલની અક્ષપોર્ટ કરે છે અને તેમની બજારમાં સારી એવી માંગ પણ છે. આજે તેઓ શૌચાલય અને વૉશબેસીન જ બનાવે છે. પણ તેમની માંગ સૌથી વધારે પણ છે. ઓનેસ્ટ સિરામિક કાચા માલની વસ્તુ બનાવે છે અને ઓર્ડર પ્રમાણે વસ્તુ બનાવે છે. કોઈ વ્યક્તિ ૧૦૦ નંગ, ૨૦૦ નંગ કે ૫૦૦ નંગની માંગ કરે તો ઓનેસ્ટ સિરામિકના ભાવેશભાઈ પરમાર સમય મર્યાદા માં પહોંચાડી દે છે. આજે થાનના લગભગ કારખાનાની કિમત ૧૫૦ થી ૨૦૦ કરોડ સુધીની માનવામાં આવે છે. આ ફેક્ટરીમાંથી જે શૌચાલય ના ગોખરા બને છે તેની કિમત ૧૦૦ થી લઈને ૫૦૦,૧૦૦૦,૨૦૦૦ થી લઈને ૮૦૦૦ રૂપિયા સુધીની હોય છે. ટ્રેડિંગ દરમિયાન તેઓ ગોખરાના અલગ-અલગ ભાવ બતાવે છે. યુરોપીયન ગોખરા (ઊભું બેઠક) અને ઈન્ડિયન નીચી બેઠકવાળા ગોખરા તેઓ બનાવે છે. બજારમાં ઓનેસ્ટ સિરામિક બધીજ પ્રકારના ગોખરા વહેચે છે. ભાવેશભાઈ ૧૦ આઇટમો બનાવે છે. જેમાં, ૧.ઓરિસાપન ૨. સિટીપન ૩.પેડસ્ટલ ૪. મિનિ પેડસ્ટલ ૫. પોલો પેડસ્ટલ ૬. કલોજેટ ૭. ઇટ્રેક ૮.વૉશબેસીન ૯. મોલ્ડ ૧૦. શૌચાલય વગેરે બનાવે છે અને તેઓ ટોટલ ૨૦ વસ્તુનું ટ્રેડિંગ કરે છે. આમ, તેમની વસ્તુની માંગ ખુબજ સારી છે. છેલ્લા ૫૦ વરસથી તેમનો સિરામિક વ્યવસાય ખુબજ પ્રચલિત થઈ ગયો છે. તેઓ રોજના ૧૦૦ પીસ બનાવે છે, પણ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

૧૦૦ પીસ તેમના હાથમાં આવતા નથી. કેમકે, ૧૦ થી ૨૦ જેટલા રિજેક્ટ થાય છે. કાચામાલનું રિસાયકલ થઈ જાય છે. પણ, એકવાર સંપૂર્ણ બની ગયા પછી રિસાયકલ થતું નથી. પણ આજ મટિરિયલ ને ગ્રાઈન્ડિંગ કરીને અન્ય મટિરિયલ સાથે મિક્ષ કરવામાં આવે તો ફરી રિસાયકલ થઈ શકે છે. આ ફેક્ટરીમાં ઘણાંજ મજૂરો કામ કરે છે. બીમાર અને અન્ય આર્થિક પરિસ્થિતિમાં મજૂરને કામ કરવા દેવામાં આવતું નથી. આમ, તમામ મજૂરોની પણ સંભાળ લેવામાં આવે છે. શામજીભાઇ ના પુત્ર ભાવેશભાઈ ઓનેસ્ટ ફેક્ટરી ચલાવે છે. ઓનેસ્ટ સિરામિકનું નામ પૂરા ગુજરાત અને ભારત સુધી ફેલાયેલું છે.

**૪.૪ સિંગલ ચિરાગભાઈ ખીમજીભાઈ (કપ-રકાબી ઉદ્યોગ) થાનગઢ:-** કપ-રકાબી બનાવવા માટે ચિનાઈ માટીનો ઉપયોગ કરવામાં આવે છે. કપ અને રકાબીના મોલ્ડ હોય છે અને મોલ્ડમાંથી માટી કાઢી લેવાની અને ત્યારબાદ ભઠ્ઠીમાં બિસ્કિટ કરવા મૂકી દેવાની. આ બિસ્કિટ બનાવવા ભઠ્ઠીનું તાપમાન ૫૦૦ ડિગ્રી હોય છે. બિસ્કિટ કાઢ્યા બાદ તેનું ડીપિંગ કરવાનું હોય છે. અને ડીપિંગને પકાવવા ૧૨૦૦ ડિગ્રી તાપમાન રાખવું પડે છે અને ડેકોરેશન કરી તેને ૭૫૦ ડિગ્રી તાપમાનની ભઠ્ઠીમાં રાખવામાં આવે છે. કપ-રકાબીને ડેકોરેટ કરવા માટે રકાબીની ફરતે લાઈનીંગ કરવામાં આવે છે અને એક સાઈડ વેલ અથવા ફૂલની ડિઝાઇન બનાવવામાં આવે છે. રકાબીની નીચે કંપનીનો માર્કો લગાવવામાં આવે છે જેને મોનોગ્રામ માર્કો કહેવામાં આવે છે. ચિરાગભાઈ સિંગલના પિતા સરકારી નોકરી કરતાં હતા અને છતાય તેમણે રકાબી અને કપના ઉદ્યોગને અપનાવ્યો હતો. અને પાછળ-પાછળ ચિરાગભાઈએ પણ આજ ઉદ્યોગને પ્રાધાન્ય આપ્યું છે. ચિરાગભાઈ પોતે BHMS કરેલ છે. ડૉકટરની નોકરી છોડીને પોતાના પિતાનો ધંધો તેમણે અપનાવ્યો છે. ચિરાગભાઈ કહે છે કે તેઓ બે કારીગર રાખે છે. તેમના માતા પણ તેમની સાથે કામ કરે છે. રોજની ૩૫૦૦ થી ૪૫૦૦ રકાબીને

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

ડેકોરેટ કરી નાખે છે અને આ ડેકોરેટ ધંધામાં તેમનું કુટુંબ જોડાયેલું છે. એક બંડલમાં ૨૪ રકાબી હોય છે અને ૪ થપ્પીમાં ટોટલ ૯૬ રકાબી હોય છે. તેઓ રોજના ૩૦ થી ૪૦ બંડલને ડેકોરેટ કરવાનું કામ કરે છે. થાનગઢમાં જ કપ-રકાબી બને છે અને કોઈ જગ્યાએ કપ-રકાબી બનતી નથી. પહેલા મોરબીમાં બનતી હતી. પણ, અમુક કારણોસર બંધ થઈ ગઈ છે. એક મુખ્ય કારણ ચિનાઈ માટી પણ છે. વાંકાનેરનું એક બંડલ ૮૮૦ રૂપિયામાં થાનગઢમાં પડે છે. જ્યારે અમદાવાદનો માલ ૭૬૦ રૂપિયામાં પડે છે. સૌથી સારી ગુણવતા વાળી રકાબી વાંકાનેરમાં બંને છે અને તેને ડેકોરેટ કરવા થાનગઢમાં મોકલવામાં આવે છે. જે ચિરાગભાઈ સિંગલ અને તેમનો પરિવાર કરે છે. ખીમજીભાઈ અને તેમના દીકરાઓ પણ આ ઉધોગમાં જોડાયેલા છે અને આજે પણ ચાલુ છે. ચિરાગભાઈ જણાવે છે કે આ ઉધોગ તેમનો પોતાનો છે અને આ ઉધોગમાં ઘરના સભ્યોથી પણ ચાલે છે અને જ્યારે ફ્રી હોય ત્યારે તેઓ કામ કરે છે અને સારી એવી આવક મેળવે છે. ખીમજીભાઈ પાસે કપ-રકાબી બનાવવાનું કારખાનું હતું. ૧૯૭૯ માં ખીમજીભાઈ ભીખાભાઇ સિંગલે થાનગઢમાં ત્રણ કારખાના ઈંટો બનાવવાના નાખ્યા હતા. જેમાં ૧.પારસ ૨.નવદુર્ગા અને ૩.લક્ષ્મી નામના કારખાના હતા.ચિરાગભાઈ સિંગલ એક ડૉક્ટર હોવા છતાંય ઉધોગક્ષેત્રે જોડાયેલા છે અને કપ-રકાબીના ડેકોરેટથી તેમના પરિવારે સમસ્ત ગુજરાતમાં નામના મેળવી છે. કપ-રકાબીના નામથી જ ચિરાગભાઈ સિંગલનું નામ પૂરા થાનગઢમાં પ્રખ્યાત છે. વર્ષમાં તેઓ ૧૦૦૦ ટનથી વધારે માલને ડેકોરેટ કરી દે છે અને વાંકાનેર,થાનગઢ,મોરબી અને અમદાવાદથી લઈને બનાસકાંઠા સુધીના ઘણા બધાજ કારખાનાના માલિક સિંગલ પરિવારને ઓળખે છે. ચિરાગભાઈ નોકરી કરતા ધંધાને વિશેષ પ્રદાન આપે છે. અને તેમનો સમગ્ર પરિવાર આ ઉધોગ સાથે જોડાયેલો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**મૂલ્યાંકન:-** સુરેન્દ્રનગર જિલ્લામાં તમામ સમુદાય અને કોમના લોકો વસવાટ કરે છે તેઓ પોતાના કામ અને ઉધોગ-ધંધાથી ઓળખાય છે. તેમની એક કોમ એટલે અનુસૂચિત જાતિ જે વરસોથી ઝાલાવાડ માં વસવાટ કરે છે. વણકર સમાજના લોકો પટોળાં બનાવે છે જ્યારે ચમારો (રોહિત) ચર્મ-ઉધોગ અને ખેતી ધંધા સાથે જોડાયેલા છે અને આ બંને કોમના લોકો સિરામિક ઉધોગ સાથે પણ જોડાયેલા છે. તેઓની વસ્તી થાનગઢમાં આવેલી છે અને તેથી તેમણે પોતાની જમીનો પર સિરામિક ઉધોગના કારખાના નાખ્યા છે. અને આજ કારખાનાઓ ના માધ્યમ થી તેમની ઓળખ વિશ્વ સુધી ફેલાયેલી છે. અને તેઓ બધાજ ક્ષેત્રોમાં પ્રગતિ સાધી રહ્યા છે.

**સંદર્ભસૂચિ:-**

૧.patel G.D Gezettiers of india, Gujarat state surendranagar district gazetters Ahmedabad
૨.આપણો જિલ્લો સુરેન્દ્રનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર-૨૦૧૪
3. આચાર્ય અરવિંદ, દવે ભૂપેન્દ્ર "તવારીખે-સુરેન્દ્રનગર',વર્ધમાન પ્રિન્ટિંગ અને પ્રકાશન સહકાર મંડળી સુરેન્દ્રનગર ૨૦૦૫
૪.સૌરાષ્ટ્રની પછાતકોમો, ભાગ-૧, સૌરાષ્ટ્ર પછાતવર્ગ બોર્ડ, રાજકોટ, પૃ ૪૪૧
૫.જાની (ડૉ) પ્રો.એસ.વી. "સૌરાષ્ટ્રનો ઇતિહાસ",૧૮૦૭ થી૧૯૪૮,દર્શક ઇતિહાસ નિધી,માર્ચ-૨૦૧૪
૬ આચાર્ય (ડૉ) ઇન્દ્રવદન નટવરલાલ, સૌરાષ્ટ્રમાં ઝાલા રાજવંશના શાસનનો ઇતિહાસ,હરપાલ દેવ મકવાણા થી ઇ.સ. ૧૯૪૮ સુધી શ્રી મનોજકુમાર આચાર્ય ઇન્દ્રવદન, સુરેન્દ્રનગર, નવેમ્બર ૨૦૧૫-૧૬
૭.રૂબરૂ મુલાકાત વિશાલભાઈ વશરામભાઈ ચાવડા, ઉધોગપતિ થાનગઢ તા ૨૦/૧૨/૨૦૨૫
૮.રૂબરૂ મુલાકાત રશેષભાઈ જાદવ, આકાશ અને અવની સિરામિક ના ઉધોગપતિ ૨૧/૧૨/૨૦૨૫
૯. રૂબરૂ મુલાકાત સિંગલ ચિરાગભાઈ, સિરામિક ઉધોગ ના કારીગર તા ૨૧/૧૨/૨૦૨૫